દૂધ સંજીવની યોજનાઓનું
વિસ્તૃતીકરણ કરવા અંગે.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૦૮-ન.બા.૧-ઘ
સચિવાલય, ગાંધીનગર
તા.૯ ૧૦૨૦૦૯

વંચાણે લીધા :-

(૧) આદિજાતિ વિકાસ વિભાગના ત. ૫-૦-૦૭ ના ઠ.ક્ર.પરચ-૧૦૦૬-૧૭૪૬-ઘ
(૨) આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૮-૦૯-૦૭ ના ઠ.ક્ર.પરચ-૧૦૦૬-યુ.ઓ.-૨૫-ઘ
(૩) આદિજાતિ વિકાસ વિભાગના તા.૭-૧૧-૨૦૦૮ ના ઠ.ક્ર.પરચ-૧૦૭૮-ન.બા.૧-ઘ
(૪) કમિશનરશ્રી (આ.વિ.) ના તા.૧૮-૭-૨૦૦૯ ના પત્ર ક્રમાંક: આવિ/અગન/પૂરક પોષણ/૧૬૬/૨૦૦૯-૧૦/૩૬૧

આમુખ

રાજ્યના આદિજાતિ વિસ્તારોના ગરીબ, પછાત અને આદિજાતિના વાલીઓની નબળી આર્થિક પરિસ્થિતિના કારણે પોતાના બાળકોને પોષણક્ષમ આહાર આપી શકતા નથી. કુપોષણના કારણે પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોના શારીરિક અને માનસિક વિકાસ ઉપર તેની અસર જોવા મળતી હતી. આ બાબતને ધ્યાનમાં રાખીને સંદર્ભ ક્રમાંક-(૧) સામે દર્શાવેલ તા.૫/૦૨/૨૦૦૭ ના ઠરાવથી પ્રાથમિક તબક્કે બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના શરૂ કરવામાં આવેલ છે. સંદર્ભ ક્રમાંક-(૨) સામે દર્શાવેલ તા. ૨૮/૦૯/૨૦૦૭ ના ઠરાવથી આદિજાતિ વિસ્તારના વિકાસશીલ તાલુકાઓમાં પૂરક પોષણક્ષમ આહાર યોજના અને સંદર્ભ ક્રમાંક-(૩) સામે દર્શાવેલ તા.૭/૧૧/૨૦૦૮ ના ઠરાવથી દૂધ સંજીવની યોજના અને પૂરક પોષણક્ષમ આહાર યોજનાઓનું વિસ્તૃતીકરણ કરીને દૂધ સંજીવની યોજના બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ ઉપરાંત ઝાલોદ (દાહોદ), ઉચ્છલ (તાપી), ક્વાંટ (વડોદરા) તથા સંતરામપુર (પંચમહાલ) તાલુકાઓમાં અને પૂરક પોષણક્ષમ આહાર યોજના ૨૦ વિકાસશીલ તાલુકાઓમાંથી ત્રણ તાલુકાઓ, ડેડીયાપાડા, કપરાડા અને ડાંગમાં શરૂ કરવામાં આવેલ. સંદર્ભ ક્રમાંક (૪) સામે દર્શાવેલ કમિશનરશ્રી (આ.વિ.) ના તા.૧૮/૦૭/૨૦૦૯ ના પત્રથી ડેડીયાપાડા તાલુકામાં પૂરક પોષણક્ષમ આહાર યોજનાને બદલે દૂધ સંજીવની યોજના શરૂ કરવા અંગેની દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે નર્મદા જિલ્લાના વિકાસશીલ તાલુકાઓ પૈકીના ડેડીયાપાડા તાલુકામાં પૂરક પોષણક્ષમ આહારના બદલે દૂધ સંજીવની યોજનાને અમલમાં મૂકવા સરકાર આથી મંજૂરી આપવાનું ઠરાવે છે.

૨. ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, અમદાવાદના હસ્તક પૂરક પોષણક્ષમ આહાર યોજનાની બચત રહેલ રકમ રૂપિયા ૨.૧૩ કરોડનો ખર્ચ સદર દૂધ સંજીવની યોજનામાં કરવાનો રહેશે.

૩. આ યોજનાની અન્ય શરતો યોજનાની પેટર્ન પ્રમાણે યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૯૬ મુખ્ય સદર-૨૨૨૫, અનુ.જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ (ચાલુ) પેટા મુખ્ય સદર ૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર -૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટાયોજના, આદિવાસી બાળકો માટે પૂરક પોષણ યોજના હેઠળ થયેલી જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ ૧-૦૯-૨૦૦૯ ની તથા સરકારશ્રીની તા.૨૩-૯-૨૦૦૯ ની નોંધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નયના ચૌધરી)
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u>

મા મંત્રીશ્રી(આ.વિ.) ના અંગત સચિવશ્રી.
મા.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.) ના અંગત સચિવશ્રી.
મા.સં. સ.શ્રી(આ.વિ.) ના અંગત સચિવશ્રી.
અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી.
અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અંગત સચિવશ્રી.
અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ ના અંગત સચિવશ્રી.
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી.
મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, અમદાવાદ.
કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
સિલેકટ ફાઇલ.